# ભીમનું અભિમાન



એક હતો છોકરો. એનું નામ ભીમ. ભીમ હતો જાડો-પાડો ને બળિયો. કોઈને લાફો મારે તો એના બે દાંત પડી જાય. મોટું બધું ઝાડ એક હાથે ઉપાડી લે. જમવા બેસે તો કેટલા લાડુ ખાઈ જાય !

એને દોડવામાં કોઈ ન પહોંચે, મહેનત કરવામાં કોઈ ન પહોંચે ને જમવામાં પણ કોઈ ન પહોંચે.

ભીમને ચાર ભાઈઓ હતા. મોટા ભાઈનું નામ યુધિષ્ઠિર અને નાના ભાઈઓનાં નામ અર્જુન, સહદેવ અને નકુલ. એમાં સૌથી બળિયો ભીમ.

પાંચેય ભાઈઓમાં, દ્રોપદી અને માતા કુંતા જંગલમાં રહેતાં હતાં.

ભીમ જાતજાતનાં પરાક્રમો કરતો, તેથી તે અભિમાની બની ગયેલો.

હવે આનું અભિમાન કોણ ઉતારે ?

ત્યાં તો હૂપ... હૂપ... અરે, આ શાનો અવાજ સંભળાય છે ? આ તો વાંદરાઓનો અવાજ છે. કેટલાં બધાં વાંદરા ઝાડ પર કૂદાકૂદ કરી રહ્યાં છે !

એ બધામાં સહુથી વધુ બળિયો કોણ છે ખબર છે ? જે રામનું નામ બોલે છે તે છે વીર હનુમાન. તે વાયુનો પુત્ર હતો.

ભીમ પણ વાયુનો પુત્ર હતો. તેથી હનુમાનજીને થયું, મારે મારા ભાઈનું અભિમાન ઉતારવું જોઈએ.

એક દિવસની વાત, દ્રૌપદીને માથામાં ફૂલની વેણી નાખવાનું મન થયું. દ્રૌપદીએ ભીમને કહ્યું, “મને સુંદર ફૂલો લાવી આપો.”

ભીમ સુંદર ફૂલો લેવા ગયો. ધમધમ કરતો ચાલે. ધરતી ધ્રુજાવે.

હનુમાનજી ઝાડ પરથી કૂદીને રસ્તામાં સૂઈ ગયા. જાણે માંદા પડયા હોય તેમ. ભીમે દૂરથી જોયું, રસ્તામાં કોઈ સૂતેલું છે.

ભીમ પાસે આવ્યો એણે હનુમાનજીને ઓળખ્યા નહિ.

ભીમે કહ્યું, “એ વાંદરા, રસ્તામાં કેમ સૂતો છે ? જરા આઘો જઈને સૂને ! જોતો નથી, આ તો રસ્તો છે. આ કંઈ સૂવાની જગ્યા નથી.”

હનુમાનજીએ માંડ માંડ આંખો ખોલી અને ધીમા અવાજે કહ્યું, “ભાઈ, હું તો માંદો છું. મારાથી ઊભું થવાતું નથી, તેથી સૂતો છું.”

ભીમે ફરી કહ્યું, “જરા આઘે સૂવું જોઈએ. સૂવાની કોણ ના પાડે છે, પણ તને તો સૂતાંયે નથી આવડતું ! રસ્તામાં કાંઈ સુવાય ? જરા આઘો જઈને સૂઈ જા.”

હનુમાનજીએ કહ્યું, “ભાઈ, હું ચાલી શકતો નથી. તમે જ મને ખસેડીને બાજુના ઝાડ નીચે સુવડાવી દો.”

ભીમે કહ્યું “મારે બહુ ઉતાવળ છે, મારે ફૂલો લેવા જવું છે. હું કાંઈ નવરો નથી.”

હનુમાનજીએ કહ્યું, “તમે ફક્ત મારું પૂંછડું ખસેડીને ચાલ્યા જાઓ.”

ભીમને થયું, આ વાંદરો ખસશે નહિ. જરા ગમ્મત કરું. તેનું પૂંછડું ખેંચીને ઢસડું.

ભીમ પૂંછડું ઊંચકવા સહેજ વાંકો વળ્યો. તેણે વિચાર્યું, “આ વાંદરાનું પૂંછડું ઝાલીને ફેંકી દઈશ, પણ અરે…પણ પૂંછડું ઊંચકાતું કેમ નથી ?

ભીમને આશ્ચર્ય થયું – અરે… આ શું ?

પરંતુ ભીમને તો બળનું અભિમાન હતું. તેણે ફરી પૂંછડું ઊંચક્યું. અરે… પૂંછડું સહેજ પણ ખસ્યું નહિ.

હનુમાનજી બોલ્યા, “જો ભાઈ, જરા ધીરે ધીરે ઊંચકજે, હું માંદો છું.”

આ સાંભળી ભીમને ખૂબજ શરમ આવી. તેનું અભિમાન ઊતરી ગયું.

આ જોઈને હનુમાનજી હસવા લાગ્યા અને કહ્યું, “જો ભીમ ! હું પણ વાયુનો પુત્ર હનુમાન છું. તને બહુ અભિમાન હતું. તારું અભિમાન ઉતારવા મેં આવું કર્યું. જો હવે ક્યારેય અભિમાન કરતો નહિ.”

ભીમ હનુમાનજીને પગે પડયો અને ચાલ્યો ગયો.

સંસ્કાર સુધા